સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો, ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો ! મારું જીવન અંજલિ થાજો !

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૩૯ | ૭ નવેમ્બર, ૨૦૨૦, શનિવાર; નિ. આસો વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# હજુ, પૂર્વ લદાખ સરહદે તણાવ

**એલએસી પર કોઈ જ બદલાવ મંજૂર નથી : ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ રાવતની ગર્જના : ચુશુલમાં કોર કમાન્ડર સ્તરની આઠમી બેઠક પહેલાં બિપિન રાવત દ્વારા ચીનને અપાયેલી ચેતવણી, ભારત તેની જમીનના રક્ષણ માટે સંપૂર્ણ સુસજ્જ**




નવી દિલ્હી, તા.૬

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતના મતે પૂર્વ લદ્દાખમાં હજુ પણ સ્થિતિ તણાવપૂર્ણ બનેલી છે. જનરલ રાવતે શુક્રવારના રોજ કહ્યું કે ચીનને તેના દુ:સાહસના લીધે આવી પરિસ્થિતિઓનો સામનો કરવો પડી રહ્યો છે, જેની તેને આશા નહોતી. તેમણે કહ્યું કે ચીન પીપલ્સ લિબરેશન આર્મી લદ્દાખમાં પોતાના દુ:સાહસને લઈ ભારતીય બળોની મજબૂત પ્રતિક્રિયાના લીધે અપ્રત્યાશિત પરિણામનો સામનો કરી રહ્યું છે. રાવતે કહ્યું કે અમારો રૂખ સ્પષ્ટ છે કે અમે એલએસીમાં કોઈ બદલાવ સ્વીકારીશું નહીં.

ઉલ્લેખનીય છે કે લદ્દાખમાં ભારત-ચીનની વચ્ચે છેલ્લાં ૭ મહિનાથી ચાલી રહેલા તણાવને ઓછો કરવા માટે આજે ચુશુલમાં કોર કમાન્ડર સ્તરની આઠમી બેઠક મળી રહી છે. આ બધાની વચ્ચે ભારતે ચીનને આકરી ચેતવણી આપતા કહ્યું છે કે તેઓ એલએસી પર કોઈપણ પ્રકારની છેડછાડને સહન કરશે નહીં. જો ચીને કોઈપણ પ્રકારની ગુસ્તાખી

● અનુસંધાન પાન-૭ પર

## અમેરિકાની ન્યૂઝ ચેનલોએ ટ્રમ્પનું લાઈવ ભાષણ બંધ કર્યું

**પરાજય ભાળી જતા ટ્રમ્પે આક્ષેપોના મારો કર્યો : અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ચૂંટણી સંપન્ન થયા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે પહેલા સાર્વજનિક સંબોધનમાં નિરાધાર દાવા કર્યા**

વૉશિંગ્ટન, તા.૬

ઘણી અમેરિકન ટીવી ચેનલોએ ગુરુવારે મોડી રાત્રે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું લાઈવ કવરેજ અચાનક બંધ કરી દીધું. ટીવી ચેનલોનો

આરોપ છે કે રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ ચૂંટણીમાં થઈ રહેલી હારને જોતા ઘણા બધા ખોટા આરોપો લગાવી રહ્યા હતા અને ચેનલો દ્વારા ખોટી સૂચનાઓ આપી રહ્યા હતા. અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ચૂંટણી સંપન્ન થયા બાદ ડોનાલ્ડ ટ્રમ્પનું આ પહેલું સાર્વજનિક સંબોધન હતું.

ટ્રમ્પે ૧૭ મિનિટના પોતાના સંબોધનમાં ઘણા બધા નિરાધાર દાવાઓ કર્યા અને ઉશ્કેરણીજનક વાતો કહી. તેમણે ભાર આપીને કહ્યું કે, ડેમોક્રેટ્સ ગેરકાયદે વોટનો ઉપયોગ કરીને

● અનુસંધાન પાન-૭ પર

### મિશિગન અને જ્યોર્જિયાની કોર્ટે ટ્રમ્પની અરજી ફગાવી દીધી

વૉશિંગ્ટન,તા.૬

મતગણતરીમાં ડેમોક્રેટિક પક્ષ ગોટાળા અને ગેરરીતિ કરી રહ્યો હોવાની વર્તમાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અરજી મિશિગન અને જ્યોર્જિયાની કોર્ટે ફગાવી દેતાં ટ્રમ્પને જોરદાર આંચકો લાગ્યો હતો. ટ્રમ્પે મિશિગનમાં ફરીથી મતગણતરી કરવાની માગણી કરી હતી.

મિશિગન કોર્ટ ઑફ ક્લેમ્સના જસ્ટિસ સિન્થિયા સ્ટીફન્સે ગુરુવારે ટ્રમ્પની અરજી ફગાવી દીધી હતી અને ટ્રમ્પને કહ્યું હતું કે મિશિગન સ્ટેટના સેક્રેટરી ઑફ સ્ટેટ મતગણતરીમાં હાજર નહોતા. આ અંગેનો કોર્ટનો ઔપચારિક ચુકાદો આજે શુક્રવારે બહાર પડવાનો હતો. દરમિયાન મિશિગનના મિડિયાએ જો બાઈડનને પ્રમુખપદની ચૂંટણીમાં વિજેતા જાહેર કરી દીધા હતા.

## મમતા સરકાર ઉખાડી ફેંકવા અમિત શાહની હાકલ

**શાહે બે દિવસ બંગાળમાં ફરીને દીદીનું ટેન્શન વધાર્યું : બિહારમાં વિધાનસભા ચૂંટણીની પ્રક્રિયા ચાલુ : શાહે સંગઠનને મજબૂત કરવા આદિવાસી કાર્યકર્તાના ઘરે ભોજન લીધું**

કોલકાતા,તા.૬

બિહારમાં વિધાનસભા ચૂંટણીની પ્રક્રિયા ચાલુ છે, પરંતુ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આજકાલ બંગાળના પ્રવાસે છે. ખાસ વાત એ છે કે, બંગાળની વિધાનસભા ચૂંટણીને હજુ છ મહિનાનો સમય છે, પરંતુ અમિત શાહે અત્યારથી જ ચૂંટણીનું બ્યૂગલ વગાડી દીધું છે. બે દિવસના પ્રવાસના પહેલા દિવસે રાજ્યમાં ૨૦૦થી વધુ બેઠકો જીતવાનો દાવો કર્યો હતો. શાહે સંગઠનને મજબૂત કરવા પર જોર આપતા આદિવાસી કાર્યકર્તાના ઘરે ભોજન લીધું હતું. તેમણે પશ્ચિમ બંગાળના લોકોને મમતા સરકાર ઉખાડી ફેંકવા અપીલ કરી છે. ભાજપના ચાણક્ય કહેવાતા અમિત શાહનું એકેએક પગલું ચૂંટણીની રણનીતિનો ભાગ છે. બિહારની ચૂંટણીમાં ખાસ સક્રિય જોવા ના મળેલા અમિત શાહના આ કાર્યક્રમની બંગાળના રાજકારણમાં મોટી અસર પડવાની છે તે નક્કી છે. બંગાળમાં બીજા દિવસની શરુઆત અમિત શાહે દક્ષિણેશ્વર કાલી મંદિરથી કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

### છેલ્લે... છેલ્લે...

- અમેરિકાની ચૂંટણીમાં પેન્સિલ્વેનિયા બાયડન વિજેતા થતાં કુલ ૨૭૩ ઈલેક્ટ્રોલ વોટ સાથે વિજેતા
- કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી અને રાજ્ય સભાના સાંસદ શક્તિસિંહ ગોહિલ કોરોનાથી સંક્રમિત
- દિલ્હી અને કર્ણાટક સરકારે ૩૦મી નવેમ્બર સુધી ફટાકડા પર પ્રતિબંધ મુક્યો
- વિશ્વમાં ૨૪ કલાકમાં વિક્રમી ૬.૦૮ લાખ કેસ કોરોનાના નોંધાયા.
- મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસનની જોરદાર અફવા

## ઓરિસ્સાના જંગલમાં દુર્લભ પ્રજાતીનો કાળો વાઘ દેખાયો

ભૂવનેશ્વર, તા.૬

ઓરિસ્સામાં કાળા રંગનો વાઘ દેખાયો છે, જે દુર્લભ પ્રજાતિનો છે. દુનિયામાં કાળો વાઘ બીજે ક્યાંય નથી અને ભારતમાં માત્ર સાત કે આઠ કાળા વાઘ જ બચ્યા છે. કાળા વાઘની તસવીરો કેમેરામાં કેદ કરવાનું સૌભાગ્ય શોખથી ફોટોગ્રાફી કરતા ફોટોગ્રાફર સૌમેન વાજપેયીને મળ્યું છે.

ઓરિસ્સામાં કાળા વાઘ મળવાથી વન્યજીવ પ્રેમી સ્તબ્ધ છે, કારણ કે કાળા વાઘની પ્રજાતિ મળવી ખૂબ જ દુર્લભ ક્ષણ છે. આ વાઘ ઓરિસ્સામાં જ જોવા મળે છે અને સામાન્ય વાઘોથી થોડાંક નાના હોય છે. હાલના સમયમાં તેમની કુલ સંખ્યા ૭ કે ૮ જ છે. તેમને મેલનિસ્ટિક ટાઈગરના નામથી

● અનુસંધાન પાન-૭ પર

**શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર**

સેક્ટર-૧૨, ગાંધીનગર

શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગરના સને ૨૦૨૦-૨૦૨૨ વર્ષ માટે નવા વરાયેલા પ્રમુખશ્રી વિક્રમસિંહ એસ. ગોલનો શુભેચ્છા સમારોહ તા. ૮/૧૧/૨૦૨૦ને રવિવારના રોજ સવારે ૯-૦૦ કલાકે શ્રી રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨, ઉપર રાખવામાં આવેલ છે. તો સર્વે રાજપૂત ભાઈઓ-બહેનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

નોંધ : સમારોહમાં ફરજીયાત માસ્ક પહેરીને આવવું તથા અંતર જાળવવું.

લી. પ્રદિપસિંહ બિહોલા
મહામંત્રી

Festive Offer
BUY ONE
GET ONE
FREE*
On Spectacle Frames & Sunglasses
Free Eye Check Up By Qualified Optometrist
Optimax Vision
Spectacles - Sunglasses - Contact Lenses
Shop No: 5/A, Super Mall-1,infocity, Indroda, "O" Circle, Gandhinagar-382007.
Sunday Open (M) : 7016509224/5
*T&C apply